

## વિધાનસભામાં ગાંધીનગર

- ધનંજય જોષી

### વાયબ્રન્ટ સમિટ ૨૦૧૯ માં ૭૭.૯૦ કરોડનો ખર્ચ

વાયબ્રન્ટ સમિટ ૨૦૧૭ માં ૮૩.૩૦ કરોડનો ખર્ચ થયો હતો. જેમાં હોટલ રોકાણ, જમવા તેમજ ટ્રાન્સપોર્ટેશન પાછળ રૂ ૭.૭૨ કરોડ ખર્ચ કરાયો હતો. જયારે વાયબ્રન્ટ સમિટ ૨૦૧૯ માં કેટલો ખર્ચ અને એમ ઓ યુ થયા તે અંગેના પ્રશ્ન સંદર્ભે રજુ કરાયેલા ઉત્તરમાં જણાંવાયા મુજબ વાયબ્રન્ટ સમિટ ૨૦૧૯ માં સુચિત મુડીરોકાણ ધ્યાને લેવામાં આવ્યુ નથી. જયારે વાયબ્રન્ટ ૨૦૧૯ માં રૂ ૭૭.૯૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. હોટલ , જમવા તેમજ ટ્રાન્સપોર્ટેશન પાછળ ૪.૨૦ કરોડનો ખર્ચ કરાયો હતો.

### ગાંધીનગર અમદાવાદમાં ૨૦ હોટલોને દારુના પરવાના ૧૩.૩૬ કરોડની આવક

ગાંધીનગર અમદાવાદ શહેરમાં કેટલી હોટલોને દારુના પરવાના આપવામાં આવ્યા છે જે પ્રશ્નના ઉત્તરમાં જણાંવાયા મુજબ બન્ને શહેરમાં કુલ ૨૦ જેટલી હોટલોને દારુના પરવાના આપવામાં આવ્યા છે. જયારે આ પૈકી એકપણ પરવાના રદ કરાયા નથી. જયારે બે વર્ષ દરમિયાન આ અન્વયે રૂ ૧૩.૩૬ કરોડની આવક થઈ છે

### સચિવાલયમાં વર્ગ-૨ની ૧૯૬ અને ઉપસચિવ વર્ગ-૧ ની ૨૭ જગ્યાઓ ખાલી

સચિવાલય કક્ષાએ સેકશન ઓફિસર વર્ગ -૨ અને ઉપસચિવ વર્ગ-૧ ની કેટલી જગ્યાઓ મંજુર થઈ છે. તારાંકિત પ્રશ્નોત્તરીમાં રજુ થયેલા આ પ્રશ્નના ઉત્તરમાં સામાન્ય વહીવટ વિભાગે રજુ કરેલા જવાબમા જણાંવાયા મુજબ સેકશન અધિકારી વર્ગ -૨ ની કુલ ૫૩૫ જગ્યાઓ મંજુર થયેલી છે. જયારે હાલ ૧૯૬ જગ્યા ખાલી છે. જયારે ઉપસચિવ વર્ગ -૧ ની ૧૮૬ મંજુર જગ્યાઓ પૈકી ૨૭ ખાલી છે. જેમાં અનુસુચિત જાતિની ૩૦ જગ્યાઓ વર્ગ-૨ માં ભરાયેલી છે. જયારે અનુજનજાતિની ૫૧ જગ્યાઓ ભરાયેલી છે. ઉપસચિવ વર્ગ-૧ ની અનુજાતિના ૧૭ અને અનુજનજાતિ ૨૬ જગ્યાઓ ભરાયેલી છે.

### જિલ્લામાં સીઆરપીસી ૧૭૪ હેઠળ૧૧૫૨ બનાવો નોંધાયા

ગાંધીનગર જિલ્લામાં સી આર પી સી એકટની કલમ ૧૭૪ હેઠળ કેટલા બનાવો નોંધાયા તેવા પ્રશ્ન અનુસંધાને રજુ થયેલા ઉત્તરમાં જણાંવ્યા મુજબ બે વર્ષ દરમિયાન ૧૧૫૨ બનાવો નોંધાયા છએ. જયારે આ બનાવો સંદર્ભે ૧૦૨૭ કીસ્સામાં તપાસ પુર્ણ કરી દેવામાં આવી છે. જયારે ૧૨૫ કીસ્સામાં તપાસ ચાલુ છે. તપાસ પુર્ણ થઈ હોય તેવા ૭૭૦ કિસ્સામાં મેજીસ્ટ્રેટની મંજુરી મેળવવામાં આવી છે.

### ખનીજ ચોરીના કેસમાં ૭.૩૨ કરોડની દંડ વસુલી બાકી

ગાંધીનગર જિલ્લામાં ખનીજ ચોરીના કેસોમાં રૂ ૭૩૨.૩૩ લાખનો દંડ વસુલવાનો બાકી છે. માણસાના ધારાસભ્યએ રજુ કરેલા પેટા પ્રશ્નના ઉત્તરમાં પણ જણાંવાયા મુજબ દંડની બાકી રકમના મામલે અપીલ રીવીઝન તેમજ કોર્ટ કેસની કાર્યવાહીના અંતે પણ વસુલાતની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

### ગીફ્ટ સીટીમાં જીયુડીસીએલ અને આઇ એલ એન્ડ એફ એસની સરખી હીસ્સેદારી

ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક સીટી લી ગીફટ એ ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની લી અને ઈન્ફાસ્ટ્રકચર લીઝિંગ એન્ડ

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાના દૂધ ઉત્પાદનમાં ઘટાડો

## ઉનાળા દરમ્યાન ૫ ટકા જેટલા ઘટાડા પછી વરસાદ ખેંચાતા હાલ ઘટાડો ૧૦ ટકા સુધી પહોંચ્યો

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા થોડાક સમયથી દૂધ ઉત્પાદનમાં ઘટાડો નોંધાયો છે. સામાન્ય રીતે ૫ ટકા જેટલો ઘટાડો ઉનાળા દરમ્યાન જોવા મળતો હોય છે પણ આ વખતે આ ઘટાડો લગભગ ૧૦ ટકાની આસપાસ પહોંચ્યો છે.

જિલ્લો દૂધ ઉત્પાદનમાં રાજયમાં અગ્રતા સ્થાન ધરાવે છે પરંતુ આ વખતે ઉનાળો આકરો રહેવા પામ્યો છે તેમજ ચોમાસુ પણ જે રીતે લંબાઈ ગયુ છે તેની અસર દૂધ ઉત્પાદન પર જોવા મળી છે.

જિલ્લામાં ગત વર્ષે ચોમાસુ નબળુ રહ્યુ હતુ જયારે આ વખતે ચોમાસુ લંબાઈ જવા પામ્યુ છે અને તેની વિપરીત અસરો દૂધ ઉત્પાદન પર જોવા મળી રહી છે.

જિલ્લામાં દૂધ ઉત્પાદન ઘટતાં દૂધના અન્ય ઉત્પાદોના ભાવ પણ છેલ્લા એક મહિનામાં ઉંચકાઈ જવા પામ્યા છે. જિલ્લામાં હજુ પણ જે ગરમી નોંધાઈ રહી છે તેની અસરો દૂધ ઉત્પાદન પર થઈ રહી હોવાનું પશુપાલકોનું કહેવું છે.

ઉનાળાની સિઝન દરમ્યાન આ ઘટાડો ૫ ટકા જેટલો હતો જયારે ચોમાસુ લંબાઈ જતાં આ ઘટાડો ૧૦ ટકા સુધી પહોંચી ગયો છે.

જિલ્લામાં પશુઓને ખવડાવવા માટે ઘાસચારાના ભાવમાં પણ વધારો થયો છે જેથી પશુપાલકો હવે વધુ ચિંતાતુર બન્યા છે.



સ્વચ્છ ભારતના ધજીયા ઉડ્યા - પાટનગરના પાદર સમા વાવોલના પ્રવેશદ્વારે તળાવની ગંદકી સ્વચ્છ ભારત અભિયાનના ધજીયા ઉડાવી રહી છે... છેલ્લા કેટલાય વખતોથી ગ્રામજનોની રજૂઆત છતાં તંત્ર દ્વારા કાર્યવાહી ન કરાતા તળાવમાં અસહ્ય ગંદકીના થર જામ્યા છે... ચારેય તરફ દુર્ગંધ-દુર્ગંધ અનુભવાય છે...

# બે વર્ષ દરમિયાન જિલ્લામાંથી હથિયાર પરવાના માટે ૯૧ અરજીઓ મળી

## ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાંથી ૧૧૨૨ કીસ્સામાં હથિયાર પરવાના રીન્યુ કરાયા : ૨૧૩ અન્વયે નવી ૬૮ અરજીઓને મંજુરી અપાઇ

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગર જિલ્લામાં હથિયાર પરવાના મેળવવા માટે છેલ્લા બે વર્ષ દરમિયાન ગાંધીનગર જિલ્લામાંથી કુલ ૯૧ અરજીઓ મળી છે. જયારે ચારેય તાલુકામાંથી સૌથી વધુ ગાંધીનગર તાલુકામાંથી ૬૭ અરજીઓ આવી છે. જયારે સૌથી ઓછી માણસા તાલુકામાંથી ૫ અરજીઓ આવી છે. ગાંધીનગર તેમજ મહેસાણા જિલ્લામાંથી કુલ ૨૧૩ અરજીઓ મળી હતી. જયારે આ પૈકી ૬૮ અરજીઓને મંજુરી આપવામાં આવી છે. આ ઉપરાંત ૧૧૨૨ કીસ્સામાં હથિયાર પરવાના રીન્યુ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં હથિયાર પરવાના મેળવવા માટે છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી અરજીઓ આવી કલોલના ધારાસભ્યના પ્રશ્નના ઉત્તરમાં જણાવાયા મુજબ ગાંધીનગર જિલ્લામાંથી કુલ ૯૧ અરજીઓ મળી છે. જેમાં ગાંધીનગર તાલુકામાંથી ૬૭, દહેગામ તાલુકામાંથી ૮, કલોલ તાલુકામાંથી ૧૧ તેમજ માણસા તાલુકામાંથી ૫ અરજીઓ મળી છે. મહેસાણા જિલ્લામાંથી પણ કુલ ૧૨૨ અરજીઓ આવી છે. જયારે બે વર્ષમાં મળેલી કુલ ૨૧૩ અરજીઓ પૈકી ૬૮

● અનુસંધાન પાન-૭ પર

# આર.ટી.ઓ. કચેરીમાં ૨ હજાર વાહનોના નંબર પડ્યા નથી

## બુધવારે પણ સર્વર ડાઉન રહેવાથી અરજદારો ટેક્સ પણ ન ભરી શક્યા : ધક્કે ચઢતા અરજદારો માટે વારંવાર શિરદર્દ ડિલર્સ પણ મુંઝવણમાં

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગરની આર ટી ઓ કેચરી એક યા બીજી રીતે અરજદારો માટે શિરદર્દનુ કારણ બને છે. વારંવાર સર્વર ડાઉન રહેતી હોવાની ફરિયાદના લીધે અનેકવાર અરજદારોના કામ અટવાય છે ગઈકાલે પણ આ ખામીના લીધે ટેકસ ભરવા સહીતની કામગીરી ખોરંભે ચઢી હતી. જયારે હાલની સ્થિતિએ પણ આર ટી ઓ કચેરીમાં ૨ હજાર જેટલા વાહનોના નંબર પડયા નથી. આર ટી ઓ કચેરીના આ વહીવટથી ત્રસ્ત નાગરિકો હવે વાહન વ્યવહાર કમિશ્નર કક્ષાએ ઉગ્ર રજુઆત કરવાના મુડમાં છે.

ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં છેલ્લા કેટલાક સમયથી અરજદારોને પારાવાર હાલાકી વેઠવી પડે છે. આર ટી ઓ કચેરીમાં વાહનોના નંબરો પણ પડતા ન હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. આ મામલે વાહનચાલકો તેમજ ડિલર્સ વચ્ચે રકઝકના કિસ્સાઓ પણ વધ્યા છે. જે સ્થિતિને ધ્યાને લઈ ડિલર્સ કક્ષાએથી આર ટી ઓ કચેરીને રજુઆત પણ કરવામાં આવી છે. મળતી માહીતી મુજબ ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં ૨ હજારથી વધુ નંબરો પાડવાના બાકી છે. આર ટી ઓ કચેરીમાં ઓનલાઈન કામગીરી કરી દેવાઈ હોવાના બણગા ફુંકવામાં આવી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# આજે ચારેય તાલુકાના કોંગી કાર્યકરો રાહુલના સમર્થનમાં અમદાવાદ જશે

ગાંધીનગર, તા. ૧૧

આજે અમદાવાદની મેટ્રોપોલીટીન કેસમાં મુદત હોવાથી હાજર થવા આવી રહેલા કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીના સમર્થનમાં જિલ્લાના ચારેય તાલુકામાંથી મોટી સંખ્યામાં કાર્યકરો અમદાવાદ જશે.

એક તરફ ભારતીય જનતા પાર્ટીનુ નેતૃત્વ શામ-દામ-દંડ-ભેદની નીતી અપનાવી વિરોધ પક્ષના નેતાઓને નિશાન બનાવી પોતાના છુપા રાજકીય એજન્ડાને આગળ વધારી રહી છે. બીજી બાજુ કોંગ્રેસનુ નેતૃત્વ રાહુલ ગાંધીની આગેવાનીમાં ભાજપના ગુપ્ત એજન્ડાને નાકામીયાબ બનાવવા માટે કટીબધ્ધ છે. સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓથી લઈને લોકસભાની ચૂંટણીઓમાં કોંગ્રેસ પક્ષ રાહુલ ગાંધીના નેતૃત્વમાં ભાજપના ગુપ્ત રાજકીય એજન્ડાને ખૂલ્લો પાડ્યો છે. ભાજપના શિર્ષસ્થ નેતૃત્વએ રાહુલ ગાંધીને યેનકેન પ્રકારે નિશાન બનાવી તેમની છબીને નુકશાન પોહચાડવા માટે હરહંમેશ ખોટા આરોપો લગાવવામાં કઈ બાકી રાખ્યુ નથી.

આવાજ એક ખોટા બદનક્ષીના આરોપનો જવાબ આપવા માટે આવતી કાલે તારીખ ૧૨-૭-૨૦૧૯ના રોજ અમદાવાદની એક અદાલતમાં રૂબરૂ ઉપસ્થિત થવા માટે હાજર રહેવાના છે.

● અનુસંધાન પાન-૭ પર



વાદળોની આવન-જાવન - છેલ્લા કેટલાય દિવસથી ગાંધીનગરના ગગનમાં વાદળોની આવન-જાવન રહે છે... પરંતુ વરસતા નથી... વાદળો એવા ઘેરાય છે કે નગરજનોમાં એક આશા બંધાય છે કે, હમણાં મેઘરાજા મહેરબાન થશે... હમણાં નગરને ભીનું ભીનું કરી દેશે... પરંતુ નગરજનોની તમામ આશાઓ પાણી ફરી વળે છે... હવે તો મેઘરાજા વરસો તો સારું એવું નગરજનો ઈચ્છી રહ્યા છે..

# ઉદ્યોગોને લગતા પ્રશ્નોના નિકાલ માટે તંત્ર સંવેદનશીલ બને : કલેક્ટર

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં ઉદ્યોગોને લગતા પ્રશ્નો અંગે રચાયેલ ડીએલએફસીની બેઠકમાં પડતર અરજીઓના નિકાલ માટે તંત્રના અધિકારીઓ સંવેદનશીલ બની કામગીરી કરે તે માટે તાકીદ કરવામાં આવી હતી.

આઈએફપી પોર્ટલ મુજબ સમયમર્યાદાની બહારની ૧૫-૬-૧૯ની સ્થિતિએ ૨૫ અરજીઓ પડતર હોવાનું બહાર આવતાં તંત્રના અધિકારીઓને આ મુદ્દે તાકીદ કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે જે અરજીઓ પોર્ટલ પર ટેકનીકલ ક્ષતિને લઈ પડતર બતાવવામાં આવતી હોવાની રજુઆત અધિકારીઓએ વ્યક્ત કરી હતી. આ મુદ્દે લેખિતમાં રજુઆત કરવાની સૂચના તેમજ પોર્ટલના અધિકારીઓને રૂબરૂ મળી ક્ષતિ નિવારણાના પગલાં લેવા પણ જણાવવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીની કચેરી દ્વારા આ પોર્ટલનું નિયમિત મોનીટરીંગ થતુ હોય છે પણ તંત્રની પોતાની ઉદાસીનતા છતી થતાં હવે ટેકનીકલ ક્ષતિઓ દર્શાવવામાં આવી રહી હોવાની વાતો ઉદ્યોગ જગત સાથે સંકળાયેલ સૂત્રોમાંથી સાંભળવા મળી રહી છે. સમયમર્યાદામાં નિકાલ ન કરી અને પડતર અરજીઓ દર્શાવવામાં આવતી હોવાની રજુઆતો પણ જિલ્લાતંત્રને થઈ છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

# ધોલેરા સરમાં ડિફેન્સ શસ્ત્રો પરીક્ષણ માટે ફાયરિંગ રેન્જ

અમદાવાદ, તા.૧૧

રાજ્યમાં ડિફેન્સ સેક્ટરની કંપનીઓને આકર્ષવા માટે ગુજરાતમાં ધોલેરા (સર) ખાતે ડિફેન્સના હથિયારોના પરીક્ષણ સરના અધિકારીઓએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર તરફથી ધોલેરામાં ફાયરિંગ રેન્જ બનાવવા માટે સૈધાંતિક મંજુરી આપી દેવામાં આવી છે. જો કે, આ જ્યારે પહોળાઈ ૫ કિલોમીટરની રહેશે.

શિવહરેએ ઉમેર્યુ હતું કે, આ પ્રોજેક્ટ માટે પસંદ કરાયેલી જમીનમાં મોટા ભાગની જગ્યા સરકારની છે. આમ છતાં અમુક જમીન ખાનગી માલિકીની છે તેને હસ્તગત કરવામાં આવશે અને આના માટે જમીન માલિકોને યોગ્ય વળતર આપવામાં આવશે. આ ફાયરીંગ રેન્જ અખાતના દરિયા કિનારાની નજીક હશે. દેશમાં ડિફેન્સના ઉત્પાદનોની ચકાસણી માટે માર્યાદિત ફાયરિંગ રેન્જ ઉપલબ્ધ છે.

## સંરક્ષણ ક્ષેત્રમાં રોકાણ આકર્ષવામાં મદદ મળશે : રેંજ ધોલેરા સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રિજનમાં ૨૦૦ ચોરસ કિલોમીટરમાં બનશે : ટૂંકમાં જ અમલવારી કરવા તૈયારી

માટે ફાયરિંગ રેન્જ બનવા જઈ રહી છે. આવી ફાયરીંગ રેન્જ બનાવવા માટે ઈન્ડિયન આર્મી તરફથી દરખાસ્ત મળી હતી. આ સિવાય બાબા કલ્યાણી ગ્રુપની ડીફેન્સ સેકટરની કંપની ભારત ફોર્જે પણ ફાયરિંગ રેન્જ બનાવવા માટે એક પ્રપોઝલ રાજ્ય સરકારને મળી હતી. ઉડ્ડયન ક્ષેત્રની તકો માટે કોન્ફેડરેશન ઑફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (સીઆઈઆઈ) ગુજરાત, સ્ટેટ એવિએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની લિમિટેડ, ધોલેરા ઔદ્યોગિક સીટી ડેવલપમેન્ટ લિમિટેડ અને એરપોર્ટ ઓથોરિટી ઑફ ઈન્ડિયા દ્વારા આયોજિત બીજા ગુજરાત એવિએશન કોન્ક્લેવમાં ધોલેરા ફાયરીંગ રેન્જ ક્યારથી કાર્યરત થશે તે હજુ નક્કી નથી પરંતુ સરકારને આશા છે કે તેનાથી રાજ્યમાં ડિફેન્સ સેક્ટરમાં રોકાણ આકર્ષવામાં મદદ મળશે.

ધોલેરા ઈન્ડસ્ટ્રીયલ સીટી ડેવલપમેન્ટ લિમિટેડના મેનેજીંગ ડિરેક્ટર જયપ્રકાશ શિવહરેએ જણાવ્યું હતું કે, અમને ઈન્ડિયન આર્મી તરફથી ફાયરિંગ રેન્જ બનાવવા માટેની દરખાસ્ત મળ્યા બાદ અમે તેના માટે ધોલેરામાં ૨૦૦ ચોરસ કિલોમીટર જગ્યાની પસંદગી કરી છે. આ રેન્જ મોટાભાગે ઈન્ડિયન આર્મી અને એરફોર્સ દ્વારા વાપરવામાં આવશે. આ ફાયરિંગ રેન્જની લંબાઈ ૨૫ કિલોમીટર હશે

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com